| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૯–૧૨–૨૦૨૩ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૯–૧૨–૨૦૨૩ |
| ફેંસલ તારીખ | ૦૩–૦૪–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૨ ૦૩ ૧૫ |

## કુતિયાણાના મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં., મુ.કુતિયાણા.

**ફોજદારી કેસ નં.:૪૯૦/૨૦૨૩**

આંક:–

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઓ :–** (૧) લખમણ કારાભાઈ કારાવદરા
ઉ.વ.૪૮
રહે.છાંયા, ડો. હાથીના દવાખાના પાસે,
ખોડીયાર સોસાયટી, રેલ્વે પાટા પાસે,પોરબંદર.

(૨) મોહન માંડણભાઈ પરમાર
ઉ.વ.૫૩
રહે. પંચવટી સોસાયટી, મીરા પ્રોવીઝન સ્ટોર પાસે,
પોરબંદર.

**ગુનો :–** **ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (ઈ),૧૧૬(બી), ૮૧, ૯૮ (૨)મુજબ.**

| |
|---|
| સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રી જે.કે.પંડયા.<br>આરોપી તરફે વિ.વ.શ્રી કે.જી.મહેતા. |

**–: ઠ રા વ :–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીઓએ ગઈ તા.૨૩/૦૨/૨૦૨૩ નાં કલાક ૧૩:૩૦ વાગ્યના સુમારે ચૌટા ગામ રાજકોટ થી પોરબંદર આવતા હાઈવે રોડ ઉપર ઓવરબ્રીજ ચડતા જાહેરમાંથી પોતાના કબ્જા હવાલાવાળા ટાટા કંપનીના ૧૨ વ્હીલવાળા ટ્રક મોડલ નંબર ની EX-3118C આર.ટી.ઓ.રજી. નં. GJ-25-T-8729 માં ભારતીય બનાવટના વિદેશી દારૂના Original Choice DELUXE WHISKY ૧૮૦

ML ભરેલ ફોર સેલ ઈન કર્ણાટક ઓનલીના માર્કાના પુઠ્ઠાના પાઉચ(ફ્રુટી ટાઈપના)નંગ–૪૮૦ ભરેલ પુઠ્ઠાના બોક્ષ નંગ–૧૦ કી.રૂા.૩૩,૬૦૦/– તથા દારૂની હેરાફેરી માટે ઉપયોગમાં લીધેલ ટ્રક કી. રૂ. ૧૦,૦૦,૦૦૦/– મળી કુલ રૂ. ૧૦,૩૩,૬૦૦/– ના મુદામાલ સાથે જાહેરમાંથી પકડાઈ જઈ ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ, જે બાબતે ફરીયાદીએ કુતિયાણા પોલીસ સ્ટેશન માં ફરીયાદ આપતાં પ્રોહીબીશન ગુના રજી. નં.–૧૧૨૧૮૦૦૪૨૩૦૦૬૭/૨૦૨૩ થી ફરીયાદ નોંધી ત.ક. અમલદારે આ ગુનાની તપાસ કરતાં આરોપીઓ સામે પુરતો પુરાવો જણાય આવતા આરોપીઓ વિરૂધ્ધ મથાળે દર્શાવેલ ગુના સબબ અત્રેની અદાલતમાં બી.એન.એસ. એસPGL કલમ–૧૯૩ મુજબ ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપીઓને સમન્સની બજવણી થતાં આરોપીઓ અદાલત સમક્ષ હાજર થયેલ અને ત્યારબાદ તેને પોલીસ પેપર્સની નકલ તથા વકીલની સવલત મળેલ છે જેની ખાત્રી કરી આરોપીઓ સામે ઉપરોકત ગુના સબબનું વિગતવારનું તહોમતનામું **આંક–૦૪**થી ફરમાવેલ છે અને આ તહોમતનામું આરોપીઓને વાંચી સંભળાવી સમજાવીને **આંક–૦૫ તથા આંક–૦૬** મુજબ આરોપીઓનો પ્રાથમિક જવાબ લેતાં આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ, જેથી આ કામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩). ફરીયાદપક્ષ તરફે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**–: મૌખિક પુરાવો:–**

| અનુ.નં. | આંક | સાહેદનુ નામ | વિગત |
|---|---|---|---|
| (૧) | ૦૭ | બાવનભાઈ સરમણભાઈ મોરી | પંચસાહેદ |
| (૨) | ૦૯ | વિજયભાઈ બોઘાભાઈ કરમટા | પંચસાહેદ |
| (૩) | ૧૧ | અશોકભાઈ જોનીભાઈ પારવાણી | પંચસાહેદ |
| (૪) | ૧૪ | સામતભાઈ હાજાભાઈ રાતીયા | પંચસાહેદ |
| (૫) | ૨૧ | હરેશભાઈ રામભાઈ આહીર | ફરીયાદી |
| (૬) | ૨૬ | પરેશકુમાર દાનસીંગભાઈ જાદવ | ત.ક.અધિકારી |

**–:દસ્તાવેજી પુરાવો :–**

| અનુ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૮ | મુદ્દામાલ રીકવર કર્યા અંગેનું પંચનામુ |
| (૨) | ૧૨ | આરોપીને અટક કર્યા અંગેનું પંચનામુ |
| (૩) | ૨૨ | અસલ ફરીયાદ |
| (૪) | ૨૭ | તપાસનો ડેપ્યુટ હુકમ |
| (૫) | ૨૮ | વાહનની આર.સી.બુક. |
| (૬) | ૨૯ | વાહનનુ ફીટનેશ સર્ટીફીકેટની નકલ |
| (૭) | ૩૦ | વાહનનુ ઓથોરાઈઝન સર્ટીફીકેટની નકલ |
| (૮) | ૩૧ | વાહનના પી.યુ.સી. ની નકલ |
| (૯) | ૩૨ | વિમા પોલીસીની નકલ |
| (૧૦) | ૩૩ | ટેક્ષ રીસીપ્ટ |
| (૧૧) | ૩૪ | ટ્રાન્સપોર્ટ ડીપાર્ટમેન્ટની ગુજરાતની પરમીટ |
| (૧૨) | ૩૫ | ટ્રકના વેચાણ કરારની નકલ |
| (૧૩) | ૩૬ | દારૂના ઉત્પાદક કંપનીને લખેલ પત્ર |
| (૧૪) | ૩૭ થી ૩૮ | મોબાઈલ ફોનના કોલ ડીટેઈલ માટે નાયબ પોલીસ અધિક્ષક પોરબંદરને લખેલ પત્ર તથા એનેક્ષર |
| (૧૫) | ૩૯ | કોલ ડીટેઈલ રેકર્ડ કુલ પાના ૯ |
| (૧૬) | ૪૦ | યુનીસ્ટીલ આલ્કોબ્લેન્ઝ કંપનીનો પત્ર માહીતી સાથે કુલ પાના નંગ–૪ |
| (૧૭) | ૪૧ | એફ.એસ.એલ. રીપોર્ટ |

આ કામમાં ફરીયાદપક્ષે ઉપરોકત પુરાવા સિવાય બીજો કોઈ પુરાવો રજુ થયેલ નથી અને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરેલ છે.

**(૪).** આ કામમાં આરોપીઓનું આંક–૦૫ તથા આંક–૦૬ ના સાંધણ લગત બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધતા આરોપીઓએ ફરિયાદપક્ષની હકીકતોનો તેમજ તેઓની સામેના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિદોર્ષ છે અને તેઓએ આવો કોઈ ગુનો કરેલ નથી.

**(૫).** આ કામમાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીને તથા આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી ને સાંભળ્યા.

**(૬).** ઉપરોકત હકીકત, તેમજ રજુ થયેલ પુરાવો અને કાયદાની જોગવાઈઓ ઘ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**મુદાઓ**

(૧) શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીઓએ ગઈ તા.૨૩/૦૨/૨૦૨૩ નાં કલાક ૧૩:૩૦ વાગ્યના સુમારે ચૌટા ગામ રાજકોટ થી પોરબંદર આવતા હાઈવે રોડ ઉપર ઓવરબ્રીજ ચડતા જાહેરમાંથી પોતાના કબ્જા હવાલાવાળા ટાટા કંપનીના ૧૨ વ્હીલવાળા ટ્રક મોડલ નંબર ની EX-3118C આર.ટી.ઓ.રજી. નં. GJ-25-T-8729 માં ભારતીય બનાવટના વિદેશી દારૂના Original Choice DELUXE WHISKY ૧૮૦ ML ભરેલ ફોર સેલ ઈન કર્ણાટક ઓનલીના માર્કાના પુઠ્ઠાના પાઉચ(ફ્રુટી ટાઈપના)નંગ–૪૮૦ ભરેલ પુઠ્ઠાના બોક્ષ નંગ–૧૦ કી.રૂા.૩૩,૬૦૦/– તથા દારૂની હેરાફેરી માટે ઉપયોગમાં લીધેલ ટ્રક કી. રૂ. ૧૦,૦૦,૦૦૦/– મળી કુલ રૂ. ૧૦,૩૩,૬૦૦/– ના મુદામાલ સાથે જાહેરમાંથી પકડાઈ જઈને ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૧૧૬(બી) ,૮૧, ૯૮(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭).** ઉપરોકત મુદાઓ પરત્વે આ કોર્ટનો નિર્ણય તેના કારણો સહીત નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**કારણો**

**મુદા નંબર:–(૧).**

સદર કામે ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે કુલ–૬ જેટલા સાહેદો તપાસવામાં આવેલા છે. તેમજ કુલ–૧૭ જેટલા દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખેલ છે. જેમાં પંચસાહેદોનો પુરાવો, ફરીયાદી તથા તપાસ કરનાર અધિકારીનો પુરાવો વિગેરે મહત્વના ગણી શકાય તેવા પુરાવાઓ ફરીયાદપક્ષે રજુ રાખવામાં આવેલા છે.

એવીડન્સ એકટની કલમ–૧૦૧ ઘ્યાને લઈએ તો, ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની તેઓની જવાબદારી છે. આ કામે પ્રથમ પંચસાહેદોનો પુરાવો ઘ્યાને લઈએ તો,

(૮) **પંચસાહેદોનો પુરાવો :–**

(૮.૧) આ કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૦૮ વાળા મુદ્દામાલ રીકવર કર્યાના પંચનામાના પંચ સાહેદ બાવન સરમણ મોરીને આંક–૦૭ થી તથા બીજા પંચ સાહેદ વિજય બોઘાભાઈ કરમટાને આંક–૦૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને બન્ને પંચોએ પંચનામામાં તેઓની સહી હોવાનું જણાવેલ છે. જયારે આરોપીઓ તરફેની ઉલટતપાસમાં તેઓએ તૈયાર લખેલ પંચનામામાં સહી કરેલ હોવાનું જણાવેલ છે. આમ, ફરીયાદપક્ષે તટસ્થ અને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ નથી તેમજ આંક–૦૮વાળા પંચનામાની કોઈ હકીકત પુરવાર કરેલ નથી.

(૮.૨) આ કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૧૨ વાળા આરોપીને અટક કર્યા અંગેના પંચનામાના પંચ સાહેદ અશોક જોનીભાઈ પારવાણીને આંક–૧૧ થી તથા બીજા પંચ સાહેદ સામત હાજાભાઈ રાતીચાને આંક–૧૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને બન્ને પંચોએ પંચનામામાં તેઓની સહી હોવાનું જણાવેલ છે. જયારે આરોપીઓ તરફેની ઉલટતપાસમાં તેઓએ તૈયાર લખેલ પંચનામામાં સહી કરેલ હોવાનું જણાવેલ છે. આમ, ફરીયાદપક્ષે તટસ્થ અને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ નથી તેમજ આંક–૧૨વાળા પંચનામાની કોઈ હકીકત પુરવાર કરેલ નથી.

**(૯) <u>ફરીયાદી તથા ત.ક.અમલદારનો પુરાવો :–</u>**

(૯.૧) આ કામમાં ફરીયાદપક્ષે આ કામનાં ફરીયાદી હરેશભાઈ રામભાઈ આહીરને આંક–૨૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.તેઓએ તેમની સરતપાસમાં પોતાની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને જુબાની દરમ્યાન આંક–૨૨ થી અસલ ફરીયાદ રજુ રાખેલ છે. જયારે આરોપીઓ તરફેની ઉલટતપાસમાં ફરીયાદીએ **એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** પેટ્રોલીંગમાં કયા વાહનમાં કે તે વાહનનો નંબર તેમની ફરીયાદમાં જણાવેલ નથી. બનાવવાળો વિસ્તાર વાડી વિસ્તાર છે અને ત્યાં સતત વાહનો તથા માણસોની અવર–જવર વાળો છે. આ કામનાં પંચો બનાવ સ્થળના સ્થાનિક રહેવાસી નથી. જયારે આ સિવાયની અન્ય હકીકતોને સદર ફરીયાદીએ ઉલટ તપાસમાં નકારી કાઢેલ છે.

આમ, આ ફરીયાદીની ઉપરોકત જુબાની જોતાં તટસ્થ અને સ્વતંત્ર સાહેદોના સમર્થન વિનાની એકલા આ સાહેદની જુબાની માનવી આ કોર્ટને ન્યાયના હિતમાં લાગતી નથી.

(૯.૨) આ કામે ફરીયાદપક્ષ તરફે ત.ક.અ.,પરેશકુમાર દાનસીંગભાઈ જાદવને આંક–૨૬ થી સોગંદ પર તપાસેલ છે અને તેઓએ તેમની સરતપાસમાં તેઓની તપાસની

કાર્યવાહીને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને તેઓની જુબાની દરમ્યાન આંક–૨૭ થી તપાસનો ડેપ્યુટ હુકમ, આંક–૨૮ થી આંક–૩૫ સુધી અનુક્રમે ટ્રકની આર.સી.બુક, ફીટનેશ સર્ટીફીકેટ, ઓર્થોરાઈઝેશન સર્ટીફીકેટ, પી.યુ.સી., વિમા પોલીસી, ટેક્સ રીસીપ્ટ, ટ્રાન્સપોર્ટ ડીપાર્ટમેન્ટ ગુજરાતની પરમીટ, ટ્રકનો વેચાણ કરારની નકલ, આંક–૩૬ થી દારૂના ઉત્પાદક કંપનીને લખેલ પત્ર, આંક–૩૭ થી ૩૮ સુધી મોબાઈલ ફોનના કોલ ડીટેઈલ માટે નાયબ પોલીસ અધિક્ષક પોરબંદરને લખેલ પત્ર તથા એનેક્ષર, આંક–૩૯ થી કોલ ડીટેઈલ રેકર્ડ કુલ પાના ૯, આંક–૪૦ થી યુનીસ્ટીલ આલ્કોબ્લેન્ઝ કંપનીનો પત્ર માહીતી સાથે કુલ પાના નંગ–૪ તથા આંક–૪૧ થી F.S.L. રીપોર્ટ રજુ થયેલ છે. જયારે આરોપીઓ તરફેની ઉલટતપાસમાં ત.ક.અમલદારે **એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** બનાવવાળો વિસ્તાર નેશનલ હાઈવે છે અને ત્યાં વાહનો ની તથા લોકોની સતત અવર–જવર રહે છે.મેં કોઈ સાહેદોના નિવેદનો નોંધેલ નથી.જયારે આ સિવાયની અન્ય હકીકતો ને સદર સાહેદે ઉલટતપાસમાં નકારી કાઢેલ છે.

(૯.૩) આ કામે ફરીયાદપક્ષ તરફે ત.ક.અ.,આશીષભાઈ અશોકભાઈ મકવાણાને આંક–૬૪ થી સોગંદ પર તપાસેલ છે અને તેઓએ તેમની સરતપાસમાં તેઓની તપાસની કાર્યવાહીને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને તેઓની જુબાની દરમ્યાન આંક–૬૫ થી ફરીયાદ સાથે ગુનો રજીસ્ટર કરવા માટેનો લેખીત રીપોર્ટ તથા તેમાં નીચેના ભાગે આ કામની તપાસ તેઓને સોંપ્યા અંગેનો તપાસનો ડેપ્યુટ હુકમ રીપોર્ટ રજુ થયેલ છે. જયારે આરોપીઓ તરફેની ઉલટતપાસમાં ત.ક.અમલદારે **એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** બનાવવાળો વિસ્તાર જાહેર અને લોકોની સતત અવર–જવરવાળો વિસ્તાર છે.આ કામે પોલીસ સાહેદો સિવાય બીજા કોઈ અન્ય સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી.તેઓએ લીધેલ સાહેદોના નીવેદનમાં પંચોના નામ દર્શાવેલ નથી. જયારે આ સિવાયની અન્ય હકીકતો ને સદર સાહેદે ઉલટતપાસમાં નકારી કાઢેલ છે.

આમ, આ ત.ક.અમલદારની ઉપરોકત જુબાની જોતાં તટસ્થ અને સ્વતંત્ર સાહેદોના સમર્થન વિનાની એકલા આ સાહેદની જુબાની માનવી આ કોર્ટને ન્યાયના હિતમાં લાગતી નથી.

**(૧૦)** આમ, આ કામે ઉપરોકત સાહેદો સિવાય બીજા કોઈ સાહેદને ફરીયાદપક્ષે તપાસેલ નથી અને ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ પુરાવો બંધ કરવાની મૌખિક વિનંતી કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરેલ છે.

**(૧૧)** હવે, ઉપરોકત ચર્ચેલ મૌખિક તથા લેખિત પુરાવાઓનું સંયુકત વિશ્લેષણ કરીએ તો આ કામમાં ત.ક.અમલદારે તેમની જુબાનીમાં ઉલટમાં બનાવવાળો વિસ્તાર નેશનલ હાઈવે છે અને ત્યાં વાહનો ની તથા લોકોની સતત અવર−જવર રહે છે તેમ જણાવેલ છે તેમ છતાં આ કામમાં ત.ક.અમલદારે તપાસના કામે ત્યાંથી એટલે કે સ્થળ ઉપરથી કે આજુબાજુથી કોઈના નિવેદનો લીધેલ નથી કે તેઓને તપાસેલ નથી અને આ કામની ફરીયાદ પંચનામું કર્યા બાદ આપેલ હોવા છતાં કોઈ પંચના નામ સરનામા ફરીયાદમાં જણાવેલ નથી તેમજ ઉપર ચર્ચા કરી તે મુજબ તટસ્થ અને સ્વતંત્ર પંચસાહેદે ફરીયાદપક્ષના કેસને કે આંક−૦૮ અને આંક−૧૨ વાળા પંચનામાઓને બિલકુલ સમર્થન કરેલ નથી અને પંચસાહેદે તેઓની જુબાનીઓમાં બનાવવાળી જગ્યાએ બોલાવ્યાની હકીકત કે બનાવવાળી જગ્યાએથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ કબજે કર્યાની હકીકતનો ઈન્કાર કરેલ છે અને તેથી તેમને ફરી ગયેલા જાહેર કરેલ છે અને તે રીતે કોઈ સ્વતંત્ર અને તટસ્થ સાહેદે ફરીયાદીની જુબાનીને કે ત.ક.અમલદારની જુબાનીને સમર્થન કરતો પુરાવો આપેલ નથી અને ત્યારે આ કામે આંક−૪૧ થી રજુ થયેલ **F.S.L.** નો પુથ્થકરણનો અહેવાલ માની લેવામાં આવે તો પણ ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ તટસ્થ અને સ્વતંત્ર પંચસાહેદોના સમર્થનના અભાવે સાબિત કરી શકેલ નથી. તેમજ આ કામમાં ફરીયાદમાં પંચનામાનો સમય લખેલ છે પરંતુ પેટ્રોલીંગમાં કેટલા વાગ્યે નિકળેલા તે તથા બનાવવાળી જગ્યાએ કેટલા વાગે પહોંચેલા તે અને પેટ્રોલીંગમાં કયા વાહનમાં નિકળેલા તે કે તે વાહનનો નંબર પણ ફરીયાદમાં કે ફરીયાદીની જુબાનીમાં કે ત.ક.અમલદારની જુબાનીમાં કયાંય જણાવેલ નથી અને ત્યારે આ તમામ હકીકતો ધ્યાને લેતાં તેમજ **નામદાર ગુજરાત હાઈકોર્ટનો સ્ટેટ ઓફ ગુજરાત વિ. અબુ બકર ઉર્ફે અબુ ભાખર હાજી ઈસ્માઈલ હાજી સુલેમાનનો કેસ લો** જોતાં તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે તટસ્થ અને સ્વતંત્ર સાહેદોના સમર્થન વિનાની પોલીસ અધિકારીની જુબાની માનેલ નહીં અને ત્યારે આ કેસ લો તેમજ ઉપરોકત ચર્ચેલ તમામ હકીકતો ધ્યાને લેતાં ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરેલ નથી અને આરોપીઓએ ગુનો કરેલ છે કે નહીં તે અંગે કોર્ટના મનમાં જરા પણ શંકા ઉત્પન્ન થાય તો તેનો લાભ આરોપીઓને મળે તેમ આ કોર્ટ માને છે અને આમ, આ કામના આરોપીઓ સામેનો કેસ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીને આ ગુનાના કામેથી શંકાનો લાભ આપી છોડી મુકવા ન્યાયના હિતમાં લાગે છે અને તેથી આ કામની ઉપરોકત વિગતવાર ચર્ચેલ તમામ હકીકતો જોતાં મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે.

**મુદા નંબર:−(ર).**

**(૧ર)** આ કામના મુદા નં.−૦૧ નો નિર્ણય ધ્યાને લેતાં તથા ઉપરોકત ચર્ચેલ તમામ હકીકતો ધ્યાને લેતાં આ કામમાં ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

આ કામનાં આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) **{**બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧)**}** અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના શિક્ષાપાત્ર ગુના માંથી શંકાનો લાભ આપીને છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

આ કામમાં મુદામાલ પાવતીમાં જણાવ્યા મુજબનો પ્રોહી. મુદામાલનો અપીલ સમય પુરો થયા બાદ નીતી–નિયમો મુજબ નાશ કરવો. જયારે આ કામે અગાઉ મુદ્દામાલ વાહન છોડવામાં આવેલ હોય તો તે વચગાળાનો હુકમ આથી કાયમ રાખવામાં આવે છે અન્યથા અપીલ સમય પુરો થયા બાદ માલિકી અંગેના યોગ્ય પુરાવા લઈ તેના માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં,આરોપીઓએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ અપીલના કામે જરૂર પડયે હાજર થવા બાબતેના છ માસ સુધીની મુદતના રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા અત્રેની કોર્ટમાં આપવાના રહેશે.

આ હુકમ આજરોજ તા.૦૩જી, માહે–એપ્રીલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૩–૦૪–૨૦૨૬.
સ્થળ : કુતિયાણા।

**(કલ્પેશ લક્ષ્મણભાઈ નાડિયા)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
કુતિયાણા.
**જજ કોડ: જીજે૦૧૪૩૩**